# શ્રી મદ્ભાગવત રસિક કુટુંબ

## રાસ પંચાધ્યાય. ૧૦.૨૯(અર્થ)

### શ્રીશુક ઉવાચ

**ભગવાનપિ તા રાત્રીઃ(શ્), શરદોત્ફુલ્લમલ્લિકાઃ .**

**વીક્ષ્ય રન્તું(મ્) મનશ્ચક્રે, યોગમાયામુપાશ્રિતઃ .. ૧..**

શ્રીશુકદેવ જી કહે છે, પરીક્ષિત! શરદઋતુ હતી. તેના કારણે મલ્લિકા તથા ચમેલી વગેરેના સુગંધિત પુષ્પો ખીલીને મહેકી રહ્યા હતા. ભગવાને ચીરહરણ વખતે ગોપીઓ ને જે રાત્રિઓનો સંકેત કર્યો હતો તે બધીજ એકત્રિત થઈ ને એક જ રાત્રિ ના રૂપમાં પ્રકાશિત થઈ રહી હતી. ભગવાને તેમને જોઈ, જોઈને દિવ્ય બનાવી. ગોપીઓ તો ઈચ્છતી જ હતી. હવે ભગવાને પણ પોતાની અચિંત્ય મહાશક્તિ યોગમાયાનો આશ્રય લઈને તેમને નિમિત્ત બનાવીને રસમયી રાસક્રિડા કરવાનો સંકલ્પ કર્યો. સ્વયં અ-મના હોવા છતાં પણ તેમણે પોતાના પ્રેમીજનોની ઈચ્છા પૂરી કરવા માટે મનનો સ્વીકાર કર્યો.॥ ૧ ॥

**તદોડુરાજઃ(ખ્) કકુભઃ(ખ્) કરૈર્મુખં(મ્),**

**પ્રાચ્યા વિલિમ્પન્નરુણેન શન્તમૈઃ .**

**સ ચર્ષણીનામુદગાચ્છુચો મૃજન્,**

**પ્રિયઃ(ફ્) પ્રિયાયા ઇવ દીર્ઘદર્શનઃ .. ૨..**

ભગવાને સંકલ્પ કરતાં જ જાણે ઘણા લાંબા સમયે મળેલો પતિ પ્રિયાના મુખ પર કોમળ કરકમળથી કેસરનો લેપ કરી સુખ આપે તેમ ચંદ્રદેવે પૂર્વદિશાના મુખને પોતાનાં શીતળ કિરણોરૂપી કરકમળથી ઉદયકાળના કંકુકેસર વડે લાલ બનાવતા, ઉદય થઈને ન માત્ર પૂર્વદિશાનો, બલકે સંસારના સમસ્ત ચર-અચર પ્રાણીઓનો સંતાપ દૂર કરી દીધો. ॥ ૨ ॥

**દૃષ્ટ્વા કુમુદ્વન્તમખણ્ડમણ્ડલં(મ્)**

**રમાનનાભં(ન્) નવકું(ઙ્)કુમારુણમ્**

**વનં(ઞ્) ચ તત્કોમલગોભિરં(ઞ્)જિતં(ઞ્),**

**જગૌ કલં(વ્ઁ) વામદૃશાં(મ્) મનોહરમ્ .. ૩..**

તે દિવસે ચંદ્રમંડળ અખંડ હતું. પૂર્ણિમાની રાત્રિ હતી. ચંદ્રમાં નવા કેસર જેવા લાલ-લાલ થઈ રહ્યા હતા, કંઈક સંકોચ મિશ્રિત અભિલાષાથી યુક્ત જણાતા હતા. લક્ષ્મીજી ના જેવી મુખકમળની

કાન્તિવાળા તે ચંદ્રદેવના કોમળ કિરણોથી સંપૂર્ણ વન અનુરાગ રંગમાં રંગાઈ ગયું હતું. વનના ખૂણે ખૂણામાં તેમણે પોતાની ચાંદની દ્વારા અમૃતનો સાગર ભરી દીધો હતો. ભગવાન શ્રીકૃષ્ણે પોતના દિવ્ય ઉજ્જવળ રસને જગાડનારી પૂરી સામગ્રી, અને તે વનને જોઈને પોતોની વાંસળી પર વ્રજસુંદરીઓના મનનું હરણ કરનારો કામબીજ 'ક્લીં' નો મધુર વેણુનાદ છેડયો. ॥ ૩ ॥

નિશમ્ય ગીતં(ન્) તદનઙ્ગવર્ધનં(વ્ઁ),

વ્રજસ્ત્રિયઃ(ખ્) કૃષ્ણગૃહીતમાનસાઃ .

આજગ્મુરન્યોન્યમલક્ષિતોદ્યમાઃ(સ્),

સ યત્ર કાન્તો જવલોલકુણ્ડલાઃ .. ૪..

ભગવાનનું તે વંશીવાદન ભગવાન પ્રત્યેના પ્રેમને, તેમને મળવાની લાલસાને અત્યંત વધારનારું હતું. આમ તો શ્યામસુંદરે પહેલાં જ ગોપીઓના મનને પોતાને વશ કરી લીધાં હતાં. હવે તો ગોપીઓના મનની વસ્તુઓ –ભય, સંકોચ, ધૈર્ય, મર્યાદા વગેરે વૃત્તિઓ પણ છીનવી લીધી. વેણુનાદ સાંભળતા જ તેમની સ્થિતિ વિચિત્ર થઇ ગઈ. જેમણે શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે એક સાથે સાધના કરી હતી, તે ગોપીઓ પણ એકબીજાને કહ્યા વિના – ત્યાં સુધી કે એકબીજાથી પોતાની ચેષ્ટાને છુપાવીને જયાં શ્રીકૃષ્ણ હતાં, ત્યાં જવા દોડી ગઇ. પરીક્ષિત! તે એટલા વેગથી ચાલતી હતી કે તેમનાં કાનોના કુંડળો ખૂબ જ ડોલી રહ્યા હતાં. ॥ ૪ ॥

દુહન્ત્યોઽભિયયુઃ(ખ્) કાશ્ચિદ્, દોહં(મ્) હિત્વા સમુત્સુકાઃ .

પયોઽધિશ્રિત્ય સં(યઁ)યાવ-મનુદ્વાસ્યાપરા યયુઃ .. ૫..

બંસીનો ધ્વનિ સાંભળીને જે ગોપીઓ દૂધ દોહી રહી હતી, તે અત્યંત ઉત્સુકતાવશ દૂધ દોહવાનું છોડીને ચાલી નીકળી. જે ચૂલા પર દૂધ ગરમ કરી રહી હતી, તે ઊકળતું દૂધ ચૂલા પર જ મૂકીને અને જે લાપસી બનાવી રહી હતી તે બનાવેલી લાપસી ચૂલા પરથી ઉતાર્યા વિના જેમ-ની-તેમ મૂકીને ચાલી નીકળી. ॥ ૪ ॥

પરિવેષયન્ત્યસ્તદ્ધિત્વા, પાયયન્ત્યઃ(શ્) શિશૂન્ પયઃ .

શુશ્રૂષન્ત્યઃ(ફ્) પતીન્ કાશ્ચિ-દશ્નન્ત્યોઽપાસ્ય ભોજનમ્ .. ૬..

જે ભોજન પીરસી રહી હતી તે પીરસવું મૂકીને, જે નાના બાળકોને દૂધ પીવડાવી રહી હતી તે દૂધ પીવડાવાનું છોડીને, જે પતિઓની સેવા-શુશ્રૂષા કરી રહી હતી તે સેવા-શુશ્રૂષા છોડીને અને જે પોતે ભોજન કરી રહી હતી તે ભોજન કરવું છોડીને પોતાના પ્રિય કૃષ્ણ પાસે દોડી ગઈ. ॥ ૬ ॥

લિમ્પન્ત્યઃ(ફ્) પ્રમૃજન્ત્યોઽન્યા, અં(ઞ્)જન્ત્યઃ(ખ્) કાશ્ચ લોચને .

વ્યત્યસ્તવસ્ત્રાભરણાઃ(ખ્), કાશ્ચિત્ કૃષ્ણાન્તિકં(યઁ) યયુઃ .. ૭..

કોઈ-કોઈ ગોપી પોતના શરીર પર ચંદન અને સુગંધિત તેલ લગાડી રહી હતી. અને કોઈક આંખોમાં મેશ આંજી રહી હતી, તે આ બધું છોડીને તથા ઊલટાં-સુલટાં વસ્ત્રો પહેરીને શ્રીકૃષ્ણ પાસે પહોંચી જવા દોડી ગઈ. ॥ ૭ ॥

**તા વાર્યમાણાઃ(ફ્) પતિભિઃ(ફ્), પિતૃભિર્ભ્રાતૃબન્ધુભિઃ**

**ગોવિન્દાપહૃતાત્માનો, ન ન્યવર્તન્ત મોહિતાઃ .. ૮..**

પિતા અને પતિઓએ, ભાઈ અને જ્ઞાતિબંધુઓએ તેમને રોકીને તેમની મંગલમયી પ્રેમયાત્રામાં વિઘ્ન નાખ્યું. પરંતુ તે એટલી મોહીત થઈ ગઈ હતી કે, રોકવા છતાં પણ ન રોકાઈ, ન રોકાઈ શકી. કઈ રીતે રોકાય ? વિશ્ર્વમોહન શ્રીકૃષ્ણે તેમનાં પ્રાણ, મન અને આત્મા બધાંનું અપહરણ કરી લીધું હતું.॥ ૮ ॥

**અન્તર્ગૃહગતાઃ(ખ્) કાશ્ચિદ્ -ગોપ્યોऽલબ્ધવિનિર્ગમાઃ .**

**કૃષ્ણં(ન્) તદ્ભાવનાયુક્તા, દધ્યુર્મીલિતલોચનાઃ .. ૯..**

પરીક્ષિત! તે સમયે થોડી ગોપીઓ ઘરની અંદર હતી. તેમને બહાર નીકળવાનો રસ્તો જ ન મળ્યો. ત્યારે તેમણે પોતાનાં નેત્રો બંધ કરી અને ખૂબ તન્મયતાથી શ્રીકૃષ્ણનાં સૌન્દર્ય માધુર્ય અને લીલાઓનું ધ્યાન કરવા લાગી. ॥ ૯ ॥

**દુઃ(સ્)સહપ્રેષ્ઠવિરહ-તીવ્રતાપધુતાશુભાઃ .**

**ધ્યાનપ્રાપ્તાચ્યુતાશ્લેષ-નિર્વૃત્યા ક્ષીણમઙ્ગલાઃ .. ૧૦..**

પરીક્ષિત! પોતાના પરમ પ્રિયતમ શ્રીકૃષ્ણના અસહ્ય વિરહની તીવ્ર વેદનાથી તેમના હૃદયમાં એટલી વ્યથા – એટલી બળતરા થઈ કે તેમનામાં જે કંઈ અશુભ સંસ્કારોના અવશેષો હતા, તે ભસ્મ થઈ ગયા. અને પછી તુરત જ ધ્યાન લાગી ગયું. ધ્યાનમાં તેમની સામે ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા. તેમણે મનમાં જ બહુ પ્રેમથી અને ખૂબ આવેગથી તેમનું આલિંગન કર્યું. તે વખતે તેમને એટલું સુખ, એટલી શાંતિ મળી કે, તેમના તમામ પુણ્યના સંસ્કારો પણ એકસામટા ક્ષીણ થઈ ગયા. ॥ ૧૦ ॥

**તમેવ પરમાત્માનં(ઞ્), જારબુદ્ધ્યાપિ સઙ્ગતાઃ .**

**જહુર્ગુણમયં(ન્) દેહં(મ્), સદ્યઃ(ફ્) પ્રક્ષીણબન્ધનાઃ .. ૧૧..**

પરીક્ષિત! જોકે તેમનો શ્રીકૃષ્ણ પ્રતિ જારભાવ હતો; તેમ છતાં સત્ય વસ્તુ ભાવની અપેક્ષા કયાં રાખે છે? તેમણે જેમનું આલિંગન કર્યું, ભલે ગમે તે ભાવે કર્યું હોય, છતાં, તે સ્વયં પરમાત્મા જ તો હતા. તેથી જારબુધ્દ્ધિ લઈને ભગવાન પાસે જનારી ગોપીઓને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ અર્થાત્ તેમનાં બંધન નષ્ટ થઈ ગયાં. તેમણે પ્રાકૃત શરીર ત્યાગ કરી દીધો. અને ભગવાનની લીલામાં પ્રવેશ કરવા દિવ્ય શરીર પ્રાપ્ત કરી લીધાં. ॥ ૧૧ ॥

**રાજોવાચ**

**કૃષ્ણં(વઁ) વિદુઃ(ફ્) પરં(ઙ્) કાન્તં(ન્), ન તુ બ્રહ્મતયા મુને .**

**ગુણપ્રવાહોપરમસ્-તાસાં(ઙ્) ગુણધિયાં(ઙ્) કથમ્ .. ૧૨..**

રાજા પરીક્ષિતે પૂછ્યું, – ભગવન્! ગોપીઓ તો ભગવાન શ્રીકૃષ્ણને માત્ર પોતાના પરમ પ્રિયતમ જ માનતી હતી. તેમનો ભગવાનમાં બ્રહ્મભાવ ન હતો. આ પ્રમાણે તેમની દૃષ્ટિ પ્રાકૃત ગુણોમાં જ આસક્ત દેખાય છે. આવી સ્થિતિમાં તેમના માટે ગુણોના પ્રવાહરૂપી આ સંસારની નિવૃત્તી કઈ રીતે સંભવ બની ? ॥ ૧૨ ॥

## શ્રીશુક ઉવાચ

**ઉક્તં(મ્) પુરસ્તાદેતત્તે, ચૈદ્યઃ(સ્) સિદ્ધિં(યઁ) યથા ગતઃ .**

**દ્વિષન્નપિ હૃષીકેશં(ઙ્), કિમુતાધોક્ષજપ્રિયાઃ .. ૧૩..**

શુકદેવજી એ કહ્યું, પરીક્ષિત! હું તમને પહેલાં જ જણાવી ચૂકયો છું કે, ચેદિરાજ શિશુપાલ, ભગવાન પ્રત્યે દ્વેષભાવ રાખવા છતાં પોતાનું પ્રાકૃત શરીર છોડીને અપ્રાકૃત શરીરથી ભગવાનનો પાર્ષદ બની ગયો. આવી સ્થિતિમાં જે સમસ્ત પ્રકૃતિ અને તેના ગુણોથી અતીત ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય છે અને તેમની સાથે અનન્ય પ્રેમ કરે છે, તે ગોપીઓ તેમને પ્રાપ્ત થઈ જાય – એમાં કયાં આશ્ચર્યની વાત છે ? ॥ ૧૩ ॥

**નૃણાં(ન્) નિઃ(શ્)શ્રેયસાર્થાય, વ્યક્તિર્ભગવતો નૃપ .**

**અવ્યયસ્યાપ્રમેયસ્ય, નિર્ગુણસ્ય ગુણાત્મનઃ .. ૧૪..**

પરીક્ષિત! વાસ્તવમાં ભગવાન પ્રકૃતિ સંબંધી બુદ્ધિ-વિનાશ, પ્રમાણ-પ્રમેય અને ગુણ-ગુણીભાવથી રહીત છે. તેઓ અચિંત્ય, અનંત, અપ્રાકૃત, પરમ કલ્યાણસ્વરૂપ ગુણોના એકમાત્ર આશ્રય છે. એમણે આ જે પોતાને અને પોતાની લીલાને પ્રગટ કરી છે, તેનું પ્રયોજન માત્ર એટલું જ છે કે જીવ તેના આધારે પોતાનું પરમ કલ્યાણ કરી શકે. ॥ ૧૪ ॥

**કામં(ઙ્) ક્રોધં(મ્) ભયં(મ્) સ્નેહ-મૈક્યં(મ્) સૌહૃદમેવ ચ .**

**નિત્યં(મ્) હરૌ વિદધતો, યાન્તિ તન્મયતાં(મ્) હિ તે .. ૧૫..**

તેથી ભગવાન સાથે માત્ર સંબંધ થઈ જવો જોઈએ. પછી તે સંબંધ ભલે ગમે તેવો હોય – કામનાનો હોય, ક્રોધનો હોય અથવા ભયનો હોય, સ્નેહ, સગપણ અથવા મિત્રતાનો હોય, ભલે ગમે તે ભાવથી ભગવાનમાં નિત્ય નિરંતર આપણી વૃત્તિઓ જોડી દેવાથી તે ભગવાન સાથે જોડાઈ જાય છે, અને તેથી તે વૃત્તિઓ ભગવાનમય બની જાય છે. અને તે જીવને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે. ॥ ૧૫ ॥

**ન ચૈવં(વ્ઁ) વિસ્મયઃ(ખ્) કાર્યો, ભવતા ભગવત્યજે .**

**યોગેશ્વરેશ્વરે કૃષ્ણે, યત એતદ્ વિમુચ્યતે .. ૧૬..**

પરીક્ષિત! તમારા જેવા પરમ ભાગવત, ભગવાનના રહસ્યને જાણવાવાળા ભક્તે શ્રીકૃષ્ણ વિશે આવી શંકા ન કરવી જોઈએ. યોગેશ્વરોના પણ ઈશ્વર, અજન્મા ભગવાન માટે પણ આ કોઈ આશ્ચર્યની વાત છે? અરે, તેમના સંકલ્પમાત્રથી તેમની ભ્રૂકૂટિના ઈશારાથી સંપૂર્ણ જગતનું પરમ કલ્યાણ થઈ છે.॥ ૧૬ ॥

**તા દૃષ્ટ્વાન્તિકમાયાતા, ભગવાન્ વ્રજયોષિતઃ .**

**અવદદ્ વદતાં(મ્) શ્રેષ્ઠો, વાચઃ(ફ્) પેશૈર્વિમોહયન્ .. ૧૭..**

જયારે ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે, વ્રજની અનુપમ વિભૂતિઓ – ગોપીઓ મારી તદ્દન પાસે આવી ગઈ છે , ત્યારે તેમણે પોતાની વિનોદયુક્ત વાક્છટાથી તેમને ભ્રમિત કરતા રહીને કહ્યું, – કેમ ન કહે – ભૂત, ભવિષ્ય, અને વર્તમાનકાળના જેટલા પણ વક્તા છે, તેમનામાં તે જ તો સર્વશ્રેષ્ઠ છે. ॥ ૧૭ ॥

### શ્રીભગવાનુવાચ

### સ્વાગતં(વ્ઁ) વો મહાભાગાઃ(ફ્), પ્રિયં(ઙ્) કિં(ઙ્) કરવાણિ વઃ .
### વ્રજસ્યાનામયં(ઙ્) કચ્ચિદ્, બ્રૂતાગમનકારણમ્ .. ૧૮..

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું – મહાભાગ્યશાળી ગોપીઓ! તમારું સ્વાગત છે. કહો, તમારું હું શું પ્રિય કરું? કહો, આ સમયે અહીં તમારા બધાના પધારવાનું પ્રયોજન શું છે? ॥ ૧૮ ॥

### રજન્યેષા ઘોરરૂપા, ઘોરસત્ત્વનિષેવિતા .
### પ્રતિયાત વ્રજં(ન્) નેહ, સ્થેયં(મ્) સ્ત્રીભિઃ(સ્) સુમધ્યમાઃ .. ૧૯..

હે સુંદરીઓ! હે ગોપીઓ! અત્યારે રાત્રિનો સમય છે, તે સ્વયં જ બહુ ભયાનક હોય છે, અને એમાં બહુ મોટા-મોટા ભયાનક જીવજંતુઓ આમતેમ ફરતા હોય છે. તેથી તમે બધાં તુરત જ વ્રજમાં પાછા જાઓ. રાત્રિના સમયમાં સ્ત્રીઓએ ઊભા રહેવું ન જોઈએ. ॥ ૧૯ ॥

### માતરઃ(ફ્) પિતરઃ(ફ્) પુત્રા, ભ્રાતરઃ(ફ્) પતયશ્ચ વઃ .
### વિચિન્વન્તિ હ્યપશ્યન્તો, મા કૃઢ્વં(મ્) બન્ધુસાધ્વસમ્ .. ૨૦..

તમને ન જોઈને તમારાં મા-બાપ, પતિ-પુત્ર, ભાઈ-બંધુઓ શોધી રહ્યા હશે, તેમને ચિંતામાં ન મૂકો. ॥ ૨૦ ॥

### દૃષ્ટં(વ્ઁ) વનં(ઙ્) કુસુમિતં(મ્) રાકેશકરરં(ઞ્)જિતમ્ .
### યમુનાનિલલીલૈજત્- તરુપલ્લવશોભિતમ્ .. ૨૧..

તમે લોકોએ આ રળીયામણાં રંગ-બેરંગી પુષ્પોથી ભરપૂર આ વનની શોભા તો જોઈ. શરદપૂર્ણિમાનાં પૂર્ણચંદ્રના કોમળ કિરણોથી એ રંગાયેલું છે, જાણે તેણે પોતાના હાથે ચિત્રકારી કરી હોય; અને યમુનાજીના જળનો સ્પર્શ કરીને વહેનારા શીતળ વાયુની મંદમંદ ગતિથી હાલી રહેલાં વૃક્ષો પરના પલ્લવો, જે આ વનની શોભાને અનુપમ બનાવી રહ્યા છે તે પણ તમે જોઈ લીધું છે. તેથી હવે તો તમારે બધાએ પાછા જવું જોઈએ. ॥ ૨૧ ॥

### તદ્ યાત મા ચિરં(ઙ્) ગોષ્ઠં(મ્), શુશ્રૂષધ્વં(મ્) પતીન્ સતીઃ
### ક્રન્દન્તિ વત્સા બાલાશ્ચ, તાન્ પાયયત દુહ્યત .. ૨૨..

હવે વિલંબ ન કરો, જલ્દીથી વ્રજમાં પાછા વળો. તમે લોકો કુળવાન અને સતી સ્ત્રીઓ છો, જાઓ, તમારા પતિની સેવા-શુશ્રૂષા કરો. જુઓ, તમારા ઘરનાં નાના બાળકો અને ગાયોના વાછડાં તમારા વિના ઝૂરતા હશે. તેમને જઈને દૂધ પીવડાવો. ॥ ૨૨ ॥

### અથવા મદભિસ્નેહાદ્-ભવત્યો યન્ત્રિતાશયાઃ .
### આગતા હ્યુપપન્નં(વ્ઁ) વઃ(ફ્), પ્રીયન્તે મયિ જન્તવઃ .. ૨૩..

જો તમે મારા પ્રેમમાં વશ થઈને અહીં આવી છો, તો તેમાં કશી અનુચિત વાત નથી. તે તો તમારે યોગ્ય જ છે, કેમકે જગતના પશુ-પક્ષી સુધીના બધા જીવો મને પ્રેમ કરે છે. મને જોઈને પ્રસન્ન થાય છે.॥ ૨૩ ॥

भर्तुः(श्) शुश्रूषणं(म्) स्त्रीणां(म्), परो धर्मो ह्यमायया ।

तद्बन्धूनां(ञ्) च कल्याण्यः(फ्), प्रजानां(ञ्) चानुपोषणम् ॥ २४॥

પરંતુ હે કલ્યાણી ગોપીઓ! સ્ત્રીઓનો પરમધર્મ એ જ છે કે તેઓ પતિ અને પરિવારની નિષ્કપટ ભાવે સેવા કરે અને સંતાનનું પાલન પોષણ કરે. ॥ ૨૪ ॥

दुः(श्)शीलो दुर्भगो वृद्धो, जडो रोग्यधनोऽपि वा ।

पतिः(स्) स्त्रीभिर्न हातव्यो, लोकेप्सुभिरपातकी ॥ २५॥

જે સ્ત્રીઓને ઉત્તમલોક પ્રાપ્ત કરવાની અભિલાષા હોય તેમણે પાપીને છોડીને બીજા કોઈ પણ પ્રકારના પતિનો પરિત્યાગ ન કરવો; ચાહે તે ખરાબ સ્વભાવવાળો, ભાગ્યહીન, વૃદ્ધ, મૂર્ખ, રોગી અથવા નિર્ધન પણ કેમ ન હોય. ॥ ૨૫ ॥

अस्वर्ग्यमयशस्यं(ञ्) च, फल्गु कृच्छ्रं(म्) भयावहम् ।

जुगुप्सितं(ञ्) च सर्वत्र, औपपत्यं(ङ्) कुलस्त्रियाः ॥ २६॥

કુળવાન સ્ત્રીઓ માટે જારપુરુષની સેવા બધી રીતે નિંદનીય છે. આનાથી તેમના પરલોક બગડે છે, સ્વર્ગપ્રાપ્તિ થતી નથી, સુખનો અને યશનો નાશ થાય છે. આ કુકર્મ સ્વયં તો અત્યંત તુચ્છ અને ક્ષણિક જ છે, આમાં પ્રત્યક્ષ – વર્તમાનમાં પણ દુઃખ-જ-દુઃખ છે. મોક્ષ વગેરેની તો વાત જ જવા દો. આ તો સાક્ષાત્ પરમ ભયરૂપી-નરકો નો જ રસ્તો છે. ॥ ૨૬ ॥

श्रवणाद् दर्शनाद् ध्यानान्-मयि भावोऽनुकीर्तनात् ।

न तथा सन्निकर्षेण, प्रतियात ततो गृहान् ॥ २७॥

ગોપીઓ! મારી લીલા અને ગુણોના શ્રવણથી, રૂપનાં દર્શનથી, આ બધાનાં કીર્તનથી અને ધ્યાનથી જેવી અનન્ય પ્રેમની પ્રાપ્તિ થાય છે, તેવી પાસે રહેવાથી થતી નથી. તેથી તમે લોકો અત્યારે જ પાછાં ફરો. ॥ ૨૭ ॥

श्रीशुक उवाच

इति विप्रियमाकर्ण्य, गोप्यो गोविन्दभाषितम् ।

विषण्णा भग्नसं(ङ्)कल्पाश्- चिन्तामापुर्दुरत्ययाम् ॥ २८॥

શ્રીશુકદેવજી કહે છે – પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણનું આ અપ્રિય ભાષણ સાંભળીને ગોપીઓ ઉદાસ, ખિન્ન થઈ ગઈ. તેમના મનોરથો નષ્ટ થઈ ગયા. તેઓ ચિંતાના અથાગ અને અપાર સમુદ્રમાં ગોથાં ખાવા લાગી. ॥ ૨૮ ॥

कृत्वा मुखान्यव शुचः(श्) श्वसनेन शुष्यद्

बिम्बाधराणि चरणेन भुवं(ल्ँ) लिखन्त्यः ।

अस्रैरुपात्तमषिभिः(ख्) कुचकुं(ङ्)कुमानि,

तस्थुर्मृजन्त्य उरुदुःखभराः(स्) स्म तूष्णीम् ॥ २९॥

તેમના રક્તવર્ણા અધરોષ્ઠ, શોકને કારણે ચાલતા ગરમ શ્રવાસથી સુકાઈ ગયા. તેમણે તેમનાં મુખ નીચે લટકાવી દીધાં, તેઓ પગના નખોથી ધરતી ખોતરવા લાગી. નેત્રોમાંથી આંસુ વહી-વહીને કાજળની સાથે વક્ષ:સ્થળ પર પહોંચીને ત્યાં લગાડેલા કેસરને ધોવા લાગ્યાં. તેમનું હૃદય દુઃખથી એટલું વ્યથિત થઈ ગયું કે તેઓ કાંઈ બોલી ન શકી, ચૂપચાપ ઊભી રહી ગઈ. ॥ ૨૯ ॥

**પ્રેષ્ઠં(મ્) પ્રિયેતરમિવ પ્રતિભાષમાણં(ઙ્)**

**કૃષ્ણં(ન્) તદર્થવિનિવર્તિતસર્વકામાઃ .**

**નેત્રે વિમૃજ્ય રુદિતોપહતે સ્મ કિં(ઞ્)ચિત્**

**સં(મ્)રમ્ભગદ્ગદગિરોઽબ્રુવતાનુરક્તાઃ .. ૩૦..**

ગોપીઓએ પોતાના પ્રિયતમ શ્યામસુંદર માટે બધી જ કામનાઓ, બધા જ ભોગો ત્યજી દીધાં હતાં. શ્રીકૃષ્ણમાં તેમનો અનન્ય અનુરાગ, પરમ પ્રેમ હતો. જ્યારે તેમણે તેમના પ્રિયતમ શ્રીકૃષ્ણની આ નિષ્ઠુરતાભરી વાત સાંભળી, જે બહુ જ અપ્રિય લાગી રહી હતી, ત્યારે તેમને ભારે દુઃખ થયું. આંખો રડી-રડીને લાલ થઈ ગઈ, આંસુઓથી રૂંધાઈ ગઈ. તેમણે ધીરજ ધારણ કરીને પોતાનાં આંસુ લૂંછ્યાં અને પછી પ્રિયતમ છતાં અપ્રિય જેવું બોલતા શ્રીકૃષ્ણ પ્રત્યે કંઈક કોપાવેશથી ગળગળી વાણીથી બોલી. ॥ ૩૦ ॥

**ગોપ્ય ઊચુઃ**

**મૈવં(વઁ) વિભોઽર્હતિ ભવાન્ ગદિતું(ન્) નૃશં(મ્)સં(મ્),**

**સન્ત્યજ્ય સર્વવિષયાં(મ્)સ્તવ પાદમૂલમ્ .**

**ભક્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન્**

**દેવો યથાઽઽદિપુરુષો ભજતે મુમુક્ષૂન્ .. ૩૧..**

ગોપીઓએ કહ્યું – પ્યારા શ્રીકૃષ્ણ! તમે ઘટ-ઘટમાં વ્યાપ્ત છો. અમારા હૃદયની વાત જાણો છો. તમારે આવાં નિષ્ઠુરતાભર્યા વચનો ન કહેવાં જોઈએ. અમે બધું જ છોડીને માત્ર તમારા ચરણોમાં પ્રેમ કરીએ છીએ. એમાં તો શંકા નથી કે તમે સ્વતંત્ર અને હઠાગ્રહી છો. તમારા પર અમારો કોઈ વશ નથી. તેમ છતાં તમે તમારા તરફથી, જેમ આદિપુરુષ ભગવાન નારાયણ કૃપા કરીને પોતના મુમુક્ષુ ભક્તો સાથે પ્રેમ કરે છે. તે જ રીતે, અમારો સ્વીકાર કરી લો, અમારો ત્યાગ ન કરો. ॥ ૩૧ ॥

**યત્પત્યપત્યસુહૃદામનુવૃત્તિરઙ્ગ**

**સ્ત્રીણાં(મ્) સ્વધર્મ ઇતિ ધર્મવિદા ત્વયોક્તમ્ .**

**અસ્ત્વેવમેતદુપદેશપદે ત્વયીશે**

**પ્રેષ્ઠો ભવાં(મ્)સ્તનુભૃતાં(ઙ્) કિલ બન્ધુરાત્મા .. ૩૨..**

પ્રિય શ્યામસુંદર! તમે તમામ ધર્મોના રહસ્યને જાણો છો. તમારું એવું કહેવું છે કે, 'પોતના પતિ, પુત્ર અને પરિવારજનોની સેવા કરવી એ જ સ્ત્રીઓનો સર્વધર્મ છે. – આ અક્ષરશઃ બરાબર છે. પરંતુ આ

ઉપદેશ પ્રમાણે તો અમારે તમારી જ સેવા કરવી જોઈએ, કેમકે તમે જ બધા ઉપદેશોની ચરમસીમા છો, સાક્ષાત્ ભગવાન છો. તમે જ સમસ્ત દેહધારીઓના મિત્ર છો, આત્મા છો અને પરમ પ્રિયતમ છો. ॥ ૩૨॥

**કુર્વન્તિ હિ ત્વયિ રતિં(ઙ્) કુશલાઃ(સ્) સ્વ આત્મન્**

**નિત્યપ્રિયે પતિસુતાદિભિરાર્તિદૈઃ(ખ્) કિમ્ .**

**તન્નઃ(ફ્) પ્રસીદ પરમેશ્વર મા સ્મ છિન્દ્યા**

**આશાં(મ્) ભૃતાં(ન્) ત્વયિ ચિરાદરવિન્દનેત્ર .. ૩૩..**

આત્મજ્ઞાની કુશળ પુરુષો જ તમને પ્રેમ કરે છે, કેમ કે, તમે નિત્ય પ્રિય અને સર્વના આત્મા છો. અનિત્ય અને દુઃખદ પતિ પુત્રાદિથી અમારે શું પ્રયોજન? પરમેશ્વર! તેથી અમારા પર પ્રસન્ન થાઓ, કૃપા કરો. કમલનયન! અમે ચિરકાલથી તમને પ્રાપ્ત કરવાની આશારૂપી વેલને પાળી-પોષીને હરીભરી રાખી ઉછેરી છે તેનું છેદન ન કરો. ॥ ૩૩ ॥

**ચિત્તં(મ્) સુખેન ભવતાપહૃતં(ઙ્) ગૃહેષુ**

**યન્નિર્વિશત્યુત કરાવપિ ગૃહ્યકૃત્યે .**

**પાદૌ પદં(ન્) ન ચલતસ્તવ પાદમૂલાદ્-**

**યામઃ(ખ્) કથં(વ્ઁ) વ્રજમથો કરવામ કિં(વ્ઁ) વા .. ૩૪..**

મનમોહન! અત્યાર સુધી અમારું ચિત્ત ઘરના કામકાજ માં લાગતું હતું. અને અમારા બંન્ને હાથ પણ ઘરના કામકાજમાં લાગ્યા રહેતા હતા, પરંતુ તમે અમારા જોતાં-જોતાં જ અમારું ચિત્ત હરી લીધું છે. તેમાં તમને કોઈ મુશ્કેલી પણ ઉઠાવવી પડી નહીં, તમે તો સુખસ્વરૂપ જ છો ને ! પરંતુ હવે અમારી સ્થિતિ કફોડી ગઈ છે. અમારા આ પગ તમારાં ચરણકમળો ને છોડીને એક ડગલું પણ દૂર ખસવા તૈયાર નથી, ખસતા જ નથી. પછી અમે વ્રજમાં કઈ રીતે જઈએ? અને કદાચ ત્યાં જઈએ તો, ત્યાં જઈને કરીએ પણ શું? ॥ ૩૪ ॥

**સિઞ્ચાઙ્ગ નસ્ત્વદધરામૃતપૂરકેણ**

**હાસાવલોકકલગીતજહૃચ્છયાગ્નિમ્ .**

**નો ચેદ્ વયં(વ્ઁ) વિરહજાગ્ન્યુપયુક્તદેહા**

**ધ્યાનેન યામ પદયોઃ(ફ્) પદવીં(મ્) સખે તે .. ૩૫..**

પ્રાણવલ્લભ! અમારા પ્રિય સખા! તમારું મંદ-મંદ હાસ્ય, પ્રેમભરી દ્રષ્ટિ અને મનોહર સંગીતે અમારા હૃદયમાં તમારા પ્રતિ પ્રેમ અને મિલન નો અગ્નિ ધગધગાવ્યો છે. તેને તમારા અધરામૃતથી શાંત કરો. નહિ તો હે પ્રિયતમ! અમે સાચું કહીએ છીએ, તમારા વિરહાગ્નિમાં અમે શરીર બાળી નાખશું. અને ધ્યાન દ્વારા તમારા ચરણકમળોને પ્રાપ્ત થઈ જશું. ॥ ૩૫ ॥

**યર્હ્યમ્બુજાક્ષ તવ પાદતલં(મ્) રમાયા**

**દત્તક્ષણં(ઙ્) ક્વચિદરણ્યજનપ્રિયસ્ય .**

**અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્યસમક્ષમઙ્ગ**

**સ્થાતું(ન્) ત્વયાભિરમિતા બત પારયામઃ .. ૩૬..**

પ્યારા કમલનયન! તમે વનવાસીજનોના પ્રિય છો, અને તેઓ પણ તમને બહુ પ્રેમ કરે છે. તેથી જ તમે મોટાભાગે તેમની પાસે જ રહો છો. ત્યાં સુધી કે, તમારાં જે ચરણકમળ ની સેવા નો અવસર સ્વયં લક્ષ્મીજી ને ક્વચિત જ મળે છે. તે ચરણોનો સ્પર્શ અમને પ્રાપ્ત થયો. જે દિવસે આ સૌભાગ્ય અમને સાંપડ્યું અને તમે અમારો સ્વીકાર કરીને અમને આનંદિત કરી તે દિવસથી તમે જ અમારી આંખોમાં વસી ગયા છો, અમારી દૃષ્ટિ બીજા કોઈ તરફ જતી નથી. ॥ ૩૬ ॥

**શ્રીર્યત્પદામ્બુજરજશ્ચકમે તુલસ્યા**

**લબ્ધ્વાપિ વક્ષસિ પદં(ઙ્) કિલ ભૃત્યજુષ્ટમ્ .**

**યસ્યાઃ(સ્) સ્વવીક્ષણકૃતેઽન્યસુરપ્રયાસસ્-**

**તદ્વદ્ વયં(ઞ્) ચ તવ પાદરજઃ(ફ્) પ્રપન્નાઃ .. ૩૭..**

હે અમારા સ્વામી ! જે લક્ષ્મીજીનો કૃપાકટાક્ષ પ્રાપ્ત કરવા માટે મોટા-મોટા દેવતાઓ તપસ્યા કરે છે. તે જ લક્ષ્મીજી તમારા વક્ષ:સ્થળમાં એકલાં જ સ્થાન પ્રાપ્ત કરી લેવાં છતાં પણ પોતાની શોક તુલસીની સાથે તમારા ચરણોની રજ પ્રાપ્ત કરવાની અભિલાષા સેવે છે. અત્યાર સુધીના બધા ભક્તોએ આ ચરણરજનું સેવન કર્યું છે. તેમની જેમ અમે પણ તમારી તે ચરણ-રજ ના શરણમાં આવી છીએ.॥ ૩૭ ॥

**તન્નઃ(ફ્) પ્રસીદ વૃજિનાર્દન તેઽઙ્ઘ્રિમૂલં(મ્)**

**પ્રાપ્તા વિસૃજ્ય વસતીસ્ત્વદુપાસનાશાઃ .**

**ત્વત્સુન્દરસ્મિતનિરીક્ષણતીવ્રકામ-**

**તપ્તાત્મનાં(મ્) પુરુષભૂષણ દેહિ દાસ્યમ્ .. ૩૮..**

ભગવન્! અત્યાર સુધી જેણે પણ તમારા ચરણોનું શરણ લીધું, તેના બધાં દુઃખો તમે નષ્ટ કરી દીધા. હવે તમે અમારા પર કૃપા કરો. અમને પણ તમારા પ્રસાદના અધિકારી બનાવો. અમે તમારી સેવા કરવાની આશા-અભિલાષાથી ઘર, ગામ, પરિવાર – બધુંજ છોડીને તમારા યુગલ ચરણોમાં આવી છીએ. પ્રિયતમ! ત્યાં તો તમારી આરાધના માટે ફુરસદ જ નથી. પુરુષશ્રેષ્ઠ ! પુરુષોત્તમ! તમારા મધુર હાસ્ય અને સુંદર અવલોકને અમારા હૃદયમાં તમારી સાથેના મિલનની આકાંક્ષાનો અગ્નિ ઉદિપ્ત કરી દીધો છે, અમારું રોમે-રોમ બળી રહ્યું છે. તમે અમને તમારી દાસી રૂપે સ્વીકારી લો. અમને તમારી સેવાનો અવસર આપો. ॥ ૩૮ ॥

**વીક્ષ્યાલકાવૃતમુખં(ન્) તવ કુણ્ડલશ્રી-**

**ગણ્ડસ્થલાધરસુધં(મ્) હસિતાવલોકમ્ .**

**દત્તાભયં(ઞ્) ચ ભુજદણ્ડયુગં(વઁ) વિલોક્ય,**

**વક્ષઃ(શ્)શ્રિયૈકરમણં(ઞ્) ચ ભવામ દાસ્યઃ .. ૩૯..**

પ્રિયતમ! તમારું સુંદર મુખકમળ, જેના ઉપર વાંકડિયા કેશની લટો લટકી રહી છે, તમારા આ અતિ સુંદર કપોલ (ગાલ) કે જેના પર સુંદર સુંદર કુંડળો પોતાનું અનંત સૌન્દર્ય પાથરી રહ્યા છે, તમારા આ મધુર અધરો, તેની સુધા, સુધાને પણ લજવી રહી છે, તમારું મંદ હાસ્યપૂર્વક જોતું મુખ, તથા તમારી આ બે ભુજાઓ, જે શરણાગતને અભયદાન આપવામાં અત્યંત ઉદાર છે, અને તમારું આ વક્ષઃસ્થળ, જે લક્ષ્મીજીનું – સૌન્દર્યનાં એક માત્ર દેવીનું ક્રીડાસ્થળ છે, જોઈને અમે તમારી દાસી બની ચૂકી છીએ. ॥ ૩૯ ॥

**કા સ્ત્ર્યઙ્ગ તે કલપદાયતમૂર્ચ્છિતેન,**

**સમ્મોહિતાऽऽર્યચરિતાન્ન ચલેત્ત્રિલોક્યામ્ .**

**ત્રૈલોક્યસૌભગમિદં(ઞ્) ચ નિરીક્ષ્ય રૂપં(યૅં),**

**યદ્ ગોદ્વિજદ્રુમમૃગાઃ(ફ્) પુલકાન્યબિભ્રન્ .. ૪૦..**

પ્રિય શ્યામસુંદર! ત્રણે લોકમાં અને અન્યત્ર એવી કઈ સ્ત્રી છે, જે મધુર-મધુર પદ અને આરોહ-અવરોહ ક્રમથી વિવિધ પ્રકારની મૂર્છાઓથી યુક્ત તમારો વેણુનાદ સાંભળીને તથા આ ત્રિલોકસુંદર મોહિની મૂર્તિને – કે જે પોતાના એક બુંદ સૌન્દર્યથી ત્રિલોકને સૌન્દર્ય નું દાન કરે છે અને જેને જોઈને ગાયો, પક્ષીઓ, વૃક્ષો અને હરણાઓ પણ રોમાંચિત અને પુલકિત થઈ જાય છે. પોતાના નેત્રોથી નિરખી ને આર્ય-મર્યાદાથી ડગી ન જાય, કુળ અને લોકલાજને છોડીને તમને પ્રેમ ન કરે ! ॥ ૪૦ ॥

**વ્યક્તં(મ્) ભવાન્ વ્રજભયાર્તિહરોऽભિજાતો,**

**દેવો યથાऽऽદિપુરુષઃ(સ્) સુરલોકગોપ્તા .**

**તન્નો નિધેહિ કરપં(ઙ્)કજમાર્તબન્ધો,**

**તપ્તસ્તનેષુ ચ શિરસ્સુ ચ કિં(ઙ્)કરીણામ્ .. ૪૧..**

અમારા થી એ વાત અજાણી નથી કે જેમ ભગવાન નારાયણ દેવતાઓ ની રક્ષા કરે છે, તે જ રીતે તમે વ્રજમંડળના ભય અને દુઃખ નિવારવા માટે જ પ્રગટ થયા છો ! અને એ પણ સ્પષ્ટ છે કે, દીન-દુઃખીઓ પર તમારો અતિશય પ્રેમ અને કૃપા છે. પ્રિયતમ ! અમે પણ બહુ દુઃખી છીએ. તમને મળવાની આકાંક્ષાના અગ્નિથી અમારું હૃદય બની રહ્યું છે. તમે પોતાની આ દાસીઓના વક્ષઃસ્થળ પર અને મસ્તક પર પોતાનો કોમળ કરકમળ મૂકીને અપનાવી લો. અમને જીવનદાન આપો. ॥ ૪૧ ॥

**શ્રીશુક ઉવાચ**

**ઇતિ વિક્લવિતં(ન્) તાસાં(મ્), શ્રુત્વા યોગેશ્વરેશ્વરઃ .**

**પ્રહસ્ય સદયં(ઙ્) ગોપી-રાત્મારામોऽપ્યરીરમત્ .. ૪૨..**

શ્રી શુકદેવજી કહે છે – પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણ સનકાદિ યોગીઓ અને શિવ વગેરે યોગેશ્વરો ના પણ ઈશ્વર છે. જયારે તેમણે ગોપીઓની વ્યથા અને વ્યાકુળતા ભરેલી વાણી સાંભળી, ત્યારે તેમનું હૃદય દયાથી ભરાઈ ગયું, જો કે તેઓ આત્મારામ છે – પોતે પોતાના માં જ રમણ કરતા રહે છે. તેમને પોતાના સિવાય બહાર ની કોઈ વસ્તુની અપેક્ષા નથી. તેમ છતાં તેમણે હસીને તેમની સાથે ક્રીડા પ્રારંભ કરી.॥ ૪૨ ॥

**તાભિઃ(સ્) સમેતાભિરુદારચેષ્ટિતઃ(ફ્),**

**પ્રિયેક્ષણોત્ફુલ્લમુખીભિરચ્યુતઃ .**

**ઉદારહાસદ્વિજકુન્દદીધિતિર્**

**વ્યરોચતૈણા(ઙ્)ક ઇવોડુભિર્વૃતઃ .. ૪૩..**

ભગવાન શ્રીકૃષ્ણે પોતાના હાવ-ભાવ ગોપીઓ ને અનુકૂળ કરી દીધા, છતાં તેઓ પોતાના સ્વરૂપમાં જેમના તેમ એકરસ સ્થિત હતા; અચ્યુત હતા. જ્યારે તેઓ ખડખડાટ હસતા ત્યારે તેમના દાંત મોગરાના પુષ્પ જેવી કાંતિવાળા જણાતા હતા. તેમની પ્રેમપૂર્ણ દ્રષ્ટિથી અને તેમના દર્શનના આનંદથી ગોપીઓનાં મુખકમળ ખીલી ઊઠ્યાં. તે તેમને ચારે તરફ ઘેરીને ઊભી રહી. ત્યારે શ્રીકૃષ્ણ એ રીતે શોભતા હતા જાણે પોતાની પત્નીઓ વચ્ચે (નક્ષત્રોમાં) ચંદ્ર શોભતો હોય !॥ ૪૩ ॥

**ઉપગીયમાન ઉદ્ગાયન્, વનિતાશતયૂથપઃ .**

**માલાં(મ્) બિભ્રદ્ વૈજયન્તીં(વ્ઁ), વ્યચરન્મણ્ડયન્ વનમ્ .. ૪૪..**

ગોપીઓના સેંકડો યૂથોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ વૈજયંતીમાળા પહેરીને વૃંદાવન ને સુશોભિત કરતા વિચરવા લાગ્યા. ક્યારેક ગોપીઓ પોતના પ્રિયતમ શ્રીકૃષ્ણના ગુણ અને લીલાઓ નું ગાન કરતી તો ક્યારેક શ્રીકૃષ્ણ ગોપીઓના પ્રેમ અને સૌન્દર્યનાં ગીતો ગાવા લાગતા. ॥ ૪૪ ॥

**નદ્યાઃ(ફ્) પુલિનમાવિશ્ય, ગોપીભિર્હિમવાલુકમ્ .**

**રેમે તત્તરલાનન્દ-કુમુદામોદવાયુના .. ૪૫..**

ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે યમુનાજીના પવિત્ર તટ પર કે જે કપૂર જેવી ચળકતી રેતીથી ઝગમગી રહ્યો હતો, પદાર્પણ કર્યું. તે યમુનાજીના ચપળ તરંગોના સ્પર્શ થી શીતળ અને ચંદ્રવિકસી કમળોની સુગંધથી સુવાસિત થઈ રહ્યો હતો. તે આનંદદાયક યમુનાતટ પર ભગવાન ગોપીઓ સાથે વિહાર કરવા લાગ્યા. ॥ ૪૫ ॥

**બાહુપ્રસારપરિરમ્ભકરાલકોરુ-**

**નીવીસ્તનાલભનનર્મનખાગ્રપાતૈઃ .**

**ક્ષ્વેલ્યાવલોકહસિતૈર્વ્રજસુન્દરીણા-**

**મુત્તમ્ભયન્ રતિપતિં(મ્) રમયાઞ્ચકાર .. ૪૬..**

પોતાના કરકમળ પસારીને, તો વળી આલિંગન આપીને, તો વળી કરકમળનો સ્પર્શ આપીને, વિનોદથી નખાગ્ર ભાગથી સુખ આપીને કટાક્ષ ભરી દૃષ્ટિથી જોવું અને હસવું – આ ક્રિયાઓ દ્વારા ગોપીઓના દિવ્ય પ્રેમાનંદ ને વધારતા રહીને ભગવાન શ્રીકૃષ્ણે તેમને વિહાર દ્વારા આનંદિત કરવા લાગ્યા. ॥ ૪૬ ॥

**એવં(મ્) ભગવતઃ(ખ્) કૃષ્ણાલ્ -લબ્ધમાના મહાત્મનઃ .**

**આત્માનં(મ્) મેનિરે સ્ત્રીણાં(મ્), માનિન્યોઽભ્યધિકં(મ્) ભુવિ .. ૪૭..**

ઉદારશિરોમણિ સર્વવ્યાપક ભગવાન શ્રીકૃષ્ણે જયારે આ રીતે ગોપીઓનું સમ્માન કર્યું, ત્યારે ગોપીઓના મનમાં એવો ભાવ આવ્યો કે સંસારની સમસ્ત સ્ત્રીઓમાં અમે જ સર્વશ્રેષ્ઠ છીએ. અમારા જેવું કોઈ જ નથી. તેઓ કંઈક અભિમાની થઈ ગઈ.  ॥ ૪૭ ॥

**તાસાં(ન્) તત્ સૌભગમદં(વ્ઁ), વીક્ષ્ય માનં(ઞ્) ચ કેશવઃ .**

**પ્રશમાય પ્રસાદાય, તત્રૈવાન્તરધીયત .. ૪૮..**

જયારે ભગવાને જોયું કે આમને તો સૌન્દર્યનો મદ અને અભિમાન આવી ગયો છે અને પોતાને શ્રેષ્ઠ માનવા લાગી છે ત્યારે તેઓ ગોપીઓના અભિમાન ને નષ્ટ કરીને તેમને પ્રસન્ન કરવા માટે ત્યાં જ – તેમની વચ્ચે જ અંતર્ધાન થઈ ગયા. ॥ ૪૮ ॥

**ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્) સં(મ્)હિતાયાં(ન્)**

**દશમસ્કન્ધે પૂર્વાર્ધે ભગવતો રાસક્રીડાવર્ણનં(ન્) નામૈકોનત્રિં(મ્)શોડધ્યાયઃ .. ૨૯..**

**YouTube Full video link**

https://youtu.be/Enb2JEP0SuA